૧૮ વર્ષથી નીચેની અને ૧૮ વર્ષથી ઉપરની વયની મંદબુધ્ધિવાળી બહેનો માટેની સરકારી સંસ્થા (એક યુનિટ) અમદાવાદ જિલ્લામાં શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૪/૮૫૯૩૪૭/ન.બા.-૧/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૩૦ /૪/૨૦૧૫.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૧૯/૩/૨૦૧૫નો પત્ર ક્ર- સસુખા/યજન/ન.બા.-૧૪-૧૫/૧૬૯.

## આમુખ :-

અમદાવાદ ખાતે મંદબુધ્ધિની બહેનો માટેની સરકારી સંસ્થા કે જેમાં ૧૮ વર્ષથી નીચે અને ૧૮ વર્ષથી ઉપરની બહેનો માટે ૨૫-૨૫ લાભાર્થીઓ માટેની એક સંસ્થા ઉભી કરવામાં આવે તો જે લાભાર્થી બહેનો મંદબુધ્ધિની અને અનાથ છે તેઓ અસામાજીક તત્વોનો ભોગ ન બને અને તેઓને કાયદાની જોગવાઈ મુજબ આવી સંસ્થાઓમાં આશ્રય આપી શકાય તે હેતુથી અમદાવાદ ખાતે મંદબુધ્ધિની બહેનો માટે કોઈ સરકારી સંસ્થા ન હોઈ, સરકારી ધોરણે મંદબુધ્ધિની બહેનોની ૨૫-૨૫ લાભાર્થીઓ માટેની સંસ્થાનું એક યુનિટ શરૂ કરવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીએ ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧) સામેના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજૂ કરેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે ઉપર પેરા-(૧) માં દર્શાવ્યા મુજબની મંદબુધ્ધિની બહેનોની ૨૫ લાભાર્થીઓ માટેની સરકારી સંસ્થાનું એક યુનિટ શરૂ કરવા માટેની વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦.૦૦ લાખની નવી બાબતને સરકારશ્રીની વહીવટી મંજૂરી નીચે મુજબ આપવામાં આવે છે :-

એક યુનિટ માટે મંજૂર કરવાના થતા મહેકમ અને અન્ય આનુસાંગિક બાબતોની વિગતો નીચે મુજબ છે :-

( પાછળ જોવા વિનંતી )

| ક્રમ | હોદ્દો | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ | ફીક્સ પગાર |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂ.૪૨૦૦ | રૂ.૧૩,૭૦૦ |
| ૨ | ક્લાર્ક કમ હાઉસ મધર | ૦૧ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે રૂ.૧૯૦૦ | રૂ.૭,૮૦૦ |
| ૩ | મનોચિકિત્સક | ૦૧ | એક વિઝીટના રૂ. ૩૪૦, અઠવાડીયાની ત્રણ વિઝીટ | |
| ૪ | મનો વૈજ્ઞાનિક | ૦૧ | એક વિઝીટના રૂ. ૩૪૦, અઠવાડીયાની ત્રણ વિઝીટ | |
| ૫ | રસોયા | ૦૧ | આઉટ સોર્સ | |
| ૬ | પટાવાળા | ૦૧ | આઉટ સોર્સ | |
| ૭ | ચોકીદાર | ૦૧ | આઉટ સોર્સ | |
| ૮ | સ્વીપર | ૦૧ | આઉટ સોર્સ | |
| ૯ | એટેન્ડન્ટ | ૦૪ | આઉટ સોર્સ | |

ઉપરોક્ત પત્રકમાંની વિગતે ક્રમ- ૧ અને ૨ સામે દર્શાવેલ વર્ગ-૩ ની યુનિટદીઠ બે (૨) જગ્યાઓ ઉક્ત પત્રકના કોલમ-૫ માં દર્શાવેલ પગાર ધોરણમાં પ્રથમ પાંચ વર્ષ માટે તેની સામે દર્શાવેલ ફીક્સ પગારમાં ઉભી કરવાની રહેશે. ક્રમ-૩ અને ૪ સામે દર્શાવેલ બાબતે વિઝીટ દીઠ ઉપર પત્રકમાં સૂચવ્યા મુજબની ઉચ્ચક રકમ ચૂકવવાની રહેશે. જ્યારે ક્રમ- ૫ થી ૯ સામે દર્શાવેલ વર્ગ-૪ ની જગ્યાઓ નવી મંજૂર કરવાને બદલે સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવ અન્વયે કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા અંગેની કામગીરી પ્રતિ યુનિટ દીઠ ૬૦ માનવ મહિના મુજબ જરૂરી માનવબળ આઉટસોર્સીંગ એજન્સી મારફતે મેળવવાનું રહેશે.

ઉપરોક્ત જગ્યાઓ અંગેનો મહેકમ ખર્ચ પ્રતિ યુનિટ ત્રણ માસના આશરે રૂ.૨,૧૦,૦૦૦/- થાય છે. ઉક્ત વિગતે એક યુનિટ માટે થનાર ખર્ચની વિગત નીચે મુજબ છે :-

| ક્રમ | વિગત | વાર્ષિક ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૫ લાભાર્થીના એક યુનિટ માટે ત્રણ માસનો પગાર ખર્ચ | ૨,૧૦,૦૦૦ |
| ૨ | નિભાવ ખર્ચ(એક અંતેવાસી દીઠ રૂ.૩૫૦૦ X ૩ X ૨૫) | ૨,૬૨,૫૦૦ |
| ૩ | મકાનભાડું ત્રણ માસના | ૫૫, ૦૦૦ |
| | કુલ | ૫,૨૭,૫૦૦ |

આ નવી બાબતને નીચે દર્શાવેલ શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે :-

**<u>શરતો :-</u>**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) સીધી ભરતી/બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી/બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજૂરી આપવામાં આવે છે.

(૮) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્ર- નપન/2003/જીઓઆઈ-૧૦/પા.ફા.ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતોવખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જાતે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીએ જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત નિયત થયેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્ર- એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨/૪/૨૦૧૫ અંતિત નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ. બી. ચૌહાણ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અ.મુ. સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અ.મુ. સચિવશ્રી (સા.ન્યા.), સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, (નિયામકશ્રી, સમાજ સુરક્ષા,ગાંધીનગર મારફતે)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.

(૮) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૯) નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિભાગ), બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.

(૧૦) સર્વે શાખાઓ, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૧) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર.. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૨) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

# # # # # # #